(૬૧)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ-૧૬/૭/૨૦૧૧

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩.

ક્રમાંક-જીજી/૩૯/સીઆરસી/૨૦૯૯/૧૨૬૧/મ,

ફોજદારી કાર્યરીતી અધિનિયમ(૧૯૭૪ નો ૨જો) ની કલમઃ ૨૦ ની પેટા કલમ(૨) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી નીચે મુજબના હુકમો કરે છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૮/૧૨/૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક-જીજી/૧૪૬/સીઆરસી/૨૦૯૯/૧૨૬૧/મ, થી ગુજરાત રાજ્યના નવ જિલ્લાઓમાં અધિક કલેકટરની જગ્યા હતી, તે જિલ્લાઓમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો અધિક કલેકટરોને સોંપવામાં આવેલ અને નિવાસી નાયબ કલેકટરના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો પાછા ખેંચવામાં આવેલ. જે જિલ્લાઓમાં અધિક કલેકટરની જગ્યા ન હોય ત્યાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો નિવાસી નાયબ કલેકટર પાસે યથાવત રાખવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, પરંતુ તેના કારણે તે નવ જિલ્લાઓમાં અન્ય વિભાગોની અધિક કલેકટર કક્ષાની જગા પર નિમણૂંક પામેલા આવા અધિકારીઓને પણ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટની સત્તાઓ આપો આપ મળી જતી હતી, વાસ્તવમાં અધિક કલેકટર(સંકલન) ને જ આવી સત્તાઓ મળવી જોઇએ, અને સરકારનો આશય પણ અધિક કલેકટર(સંકલન) ને જ આવી સત્તાઓ આપવાનો હતો.

વધુમાં રાજ્યના બધાજ જિલ્લાઓમાં નિવાસી નાયબ કલેકટરશ્રીની જગ્યાઓને નિવાસી અધિક કલેકટરમાં અર્થાત અધિક કલેકટર કક્ષાની જગ્યામાં અપગ્રેડ કરવામાં આવેલ છે. હવે રાજ્યમાં નિવાસી નાયબ કલેકટર કે અધિક કલેકટર(સંકલન)ની એક પણ જગા અસ્તિત્વમાં નથી, વળી રાજ્યના દરેક જિલ્લાના વિવિધ વિભાગોમાં અધિક કલેકટર કક્ષાના અધિકારીઓ પણ નિમાયેલા છે તે બધાને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના અધિકારો આપવાના રહેતા નથી આથી ઉપર જણાવેલ સંજોગોમાં ગૃહ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ તા.૧૮/૧૨/૨૦૦૦ના જાહેરનામાને આથી રદ કરવામાં આવે છે, અને કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:જાહેરનામું:-

" ગુજરાત રાજ્યના જે જિલ્લાઓમાં નિવાસી નાયબ કલેકટરની જગા નિવાસી અધિક કલેકટરમાં અપગ્રેડ કરવામાં આવી છે તેવા જિલ્લાઓમાં નિમાયેલ નિવાસી અધિક કલેકટરને

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો સોંપવામાં આવે છે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.કે.ઝિંઝુવાડીયા)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

<u>નકલ રવાના:-</u>

-સચિવાલયના સર્વે વિભાગો.

-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

-સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ/પોલીસ કમિશ્નરશ્રીઓ.

-વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થપ્રેસ,ગાંધીનગર તરફ આ જાહેરનામું રાજપત્રના ભાગ-૪,ક માં પ્રસિધ્ધ કરવા અને તેની ૫૦ નકલો આ વિભાગને મોકલવા સારૂ.

-ગૃહ વિભાગની સર્વે શાખાઓ,સચિવાલય,ગાંધીનગર.

-શાખા સિલેકટ ફાઇલ.

-નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.

-ગૃહ વિભાગની આઇ.ટી શાખા, વેબસાઇટ પર મૂકવા સારૂ.